## (૧૦૨) બિનસરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફને (૧) વૈકલ્પિક ભથ્થું (૨) ઉચ્ચતર શૈક્ષણિક લાયકાત માટે વધારાનો પગાર (૩) અગ્રિમ ઈજાફા અને (૪) ચાર્જ એલાવન્સ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં. એસએસએન-૩૪૭૫-ખા-૧૯૫૧ (૨)-ગ
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૯મી ઓકટોબર, ૧૯૭૭.

વંચાણમાં લીધા :

(૧) નાણાં વિભાગનોતા. ૫-૧-'૬૫ નો સરકારી ઠરાવ નં. પીએવાય-૧૨૬૪-૪૬૭-ચ.
(૨) ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના શિક્ષણ વિભાગનો તા. ૧-૧૨-'૫૯નો સરકારી ઠરાવ નં. આઈ એન એસ-૧૦૫૯-આઈ.
(૩) શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૪-૯-'૭૧નો સરકારી ઠરાવ નં. આઈએનએસ ૧૦૭૧-૪૭૫૯-ગ.
(૪) બીજા પગારપંચનો અહેવાલના ગ્રંથ - ૨ ના ભાગ ૨ નું પ્રકરણ નં. ૨૪.
(૫) શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૧-૧-'૭૬નો સરકારી ઠરાવ નં. એસએસએન-૩૪૭૫-૪૭૩૫૯-ગ
(૬) નાણાં વિભાગની તા. ૨૧-૧૦-'૭૫ની સરકારી ખાસ સૂચના ક્રમાંક : એસએસએન - ૧૨૭૫-૬૯-એમ.
(૭) શિક્ષણ વિભાગનો તા. ૨૧-૧૨-'૭૬નો સરકારી ઠરાવ ક્રમાંક : એસએસએન-૫૦૭૬-૧૬૨૪૬-ગ.

ઠરાવ : બીજા પગાર પંચના અહેવાલના (ગ્રંથ ૨ના ભાગ ૨) પ્રકરણ ૨૪ માં કરેલ ભલામણો સૂચનો અંગે કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ સરકાર આથી નીચે પ્રમાણેના હુકમો બહાર પાડે છે.

૧. × × ×

૨. બિનસરકારી માધ્યમિક શાળાના જે પૂર્ણકાલિન શિક્ષકને તેની સાધારણ ફરજો ઉપરાંત હેડમાસ્તરનો ચાર્જ મર્યાદિત સમય માટે સોંપવામાં આવે તો હેડમાસ્તરના પગારના ૧૦ (દસ) ટકા પ્રમાણેનો ચાર્જ એલાવન્સ બી.સી.એસ.આર ૬૦૯ હેઠળની નોંધ નં. ૬ અન્વયે સરકારી કર્મચારીને મળવા પાત્ર થાય છે તે રીતે એ શરતે આપવું કે કામચલાઉ ખાલી જગા ૧૫ દિવસ કે તેથી વધુ લાંબા ગાળા માટે જ હોવી જોઈએ.

૩. × × ×

૪. × × ×

૨. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગે તા. ૧૫-૯-'૭૭ના રોજ આપેલ સંમિતિથી આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) વી.આર.રાણા
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

## (૧૦૩) વધારાનો હવાલો સંભાળવા બદલ ચાર્જ એલાવન્સ

## ૧૩૪ બિન સરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફને વૈકલ્પિક ભથ્થું, ઉચ્ચતર શૈક્ષણિક લાયકાત માટે વધારાનો પગાર, અગ્રિમ ઈજાફા અને, ચાર્જ એલાઉન્સ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં. એસએસએન-૩૪૭૫-ખ-૧૯૫૧(૨)-ગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯મી ઑક્ટોબર, ૧૯૭૭

વંચાણમાં લીધા :

(૧) નાણાં વિભાગનો તા. ૫-૧-૬૫નો સરકારી ઠરાવ નં. પીએવાય-૧૨૬૪-૪૬૭-ચ.
(૨) ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના શિક્ષણ વિભાગનો તા. ૧-૧૨-૫૯નો સરકારી ઠરાવ નં. આઈએનએસ-૧૦૫૯- આઈ
(૩) શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૪-૯-૭૧નો સરકારી ઠરાવ નં. આઈએનએસ-૧૦૭૧-૪૭૫૯-ગ.
(૪) બીજા પગાર પંચના અહેવાલના ગ્રંથ-૨ના ભાગ - ૨નું પ્રકરણ નં. ૨૪.
(૫) શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૧-૧-૮૬નો સરકારી ઠરાવ નં.એસએસએન-૩૪૭૫૪૭૩૫૯-ગ.
(૬) નાણાં વિભાગની તા. ૨૧-૧૦-૭૫ની સરકારી ખાસ સૂચના ક્રમાંક : પીસીઆર-૧૨૬૫-૬૯ - એમ.
(૭) શિક્ષણ વિભાગનો તા.૨૧-૧૨-૭૬નો સરકારી ઠરાવ ક્રમાંક : એસએસએન-૫૦૭૬-૧૬૨૪૬-ગ.

ઠરાવ :

બીજા પગારપંચના અહેવાલના (ગ્રંથ ૨ ના ભાગ-૨) પ્રકરણ - ૨૪ માં કરેલ ભલામણો સૂચનો અંગે કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ સરકાર આથી નીચે પ્રમાણેના હુકમો બહાર પાડે છે.

(૨) બિન સરકારીમાધ્યમિક શાળાના જે પૂર્ણકાલીન શિક્ષકને તેની ફરજો ઉપરાંત હેડમાસ્તરનો ચાર્જ મર્યાદિત સમય માટે સોંપવામાં આવે તો હેડમાસ્તરના પગારના ૧૦ (દસ) ટકા પ્રમાણેનો ચાર્જ એલાઉન્સ બી.સી.એસ.આર. ૬૦૯ હેઠળની નોંધ નં. ૬ અન્વયે સરકારી કર્મચારીને મળવાને પાત્ર થાય છે તે રીતે એ શરતે આપવું કે કામચલાઉ ખાલી જગ્યા ૧૫ દિવસ કે તેથીવધુ લાંબા ગાળા માટે જ હોવી જોઈએ.

૨. આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઈલ ઉપર નાણાં વિભાગે તા. ૧૫-૭-૭૭ના રોજ આપેલ સંમતિથી આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી/-)
(વી.આર. રાણા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

***

## 11 (૧૧) બિનસરકારી માધ્યમિક શાળાઓના સુપરવાઇઝરની નિમણૂક માટે ગુણાંકનપદ્ધતિમાં સુધારો કરવા અંગે

ગુજરાત માધ્ય. શિક્ષણ બોર્ડ, ક્રમાંક : બ-૧-મશબ-સુપ-૧૪૮૪૭-૮૯૭
સેક્ટર-૯, બ્લોક ૧૮, ગાંધીનગર, તા. ૨૦-૯-'૯૬

પ્રતિ
જિલ્લા-શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય : બિનસરકારી માધ્યમિક શાળાઓના સુપરવાઇઝરની નિમણૂક અંગેના નિયમો.

જયભારતસહ જણાવવાનું કે ગુ.મા.શિ. બોર્ડની તા. ૧૩/૧૪-૮-'૭૬ની સામાન્ય સભાના ઠરાવ નં. ૩ અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાઓના સુપરવાઇઝરની નિમણૂક નીચેના ગુણાંકન મૂલ્યાંકનના આધારે કરવાનું ઠરાવેલ છે.

### મૂલ્યાંકનપદ્ધતિ

ક(૧) બી.એડ્. કે તેની સમકક્ષ લાયકાત મેળવ્યા પછી કરેલી નોકરીના દરેક સત્રમાં ચાર ગુણ આપવા.

(૨) ગ્રેજ્યુએટ, એસ.ટી.સી. કે તેની સમકક્ષ લાયકાત મેળવ્યા પછી કરેલી નોકરીના દરેક સત્ર માટે ત્રણ ગુણ આપવા.

(૩) અંડર-ગ્રેજ્યુએટ, એસ.ટી.સી. કે તેની સમકક્ષ લાયકાત મેળવ્યા પછી કરેલી નોકરીના દરેક સત્ર માટે બે ગુણ આપવા.

(૪) અનટ્રેઇન્ડ ગ્રેજ્યુએટને નોકરીના દરેક સત્ર માટે બે ગુણ આપવા.

(૫) અનટ્રેઇન્ડ અંડર-ગ્રેજ્યુએટને નોકરીના દરેક સત્ર માટે એક ગુણ આપવો.

નોંધ : (૧) કરેલી નોકરી એટલે રજિસ્ટર માધ્યમિક શાળામાં કે માધ્યમિક શાળાઓના શિક્ષકો માટેની તાલીમી સંસ્થાઓમાં કરેલ શિક્ષક તરીકેની નોકરી.

(૨) જે શાળામાં સુપરવાઇઝરની નિમણૂક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તે શાળા સિવાય બીજી બધી જ શાળાઓમાં કે માધ્યમિક શાળાઓના શિક્ષક માટેની તાલીમી સંસ્થાઓમાં કરેલ નોકરીના મળવાંપાત્ર કુલ ગુણના ૭૫% ગુણ ગણતરીમાં લેવા અને જે શાળામાં નિમણૂક કરવાની હોય તે શાળામાં કરેલ નોકરીના મળવાપાત્ર કુલ ગુણના ૧૦૦% ગણતરીમાં લેવા.

ખ(૧) માધ્યમિક કક્ષાએ માધ્યમિક શાળાઓમાં શીખવવાના વિષયોની મેળવેલ અનુસ્નાતક ડિગ્રી માટે ચાર ગુણ આપવા. આવો લાભ બેથી વધારે અનુસ્નાતક ડિગ્રી માટે મળી શકશે નહિ. દા.ત., એમ.એ., એમ.એસસી. એક વિષય સાથે થાય તો ચાર ગુણ, ફરીથી બીજા વિષય સાથે થાય તો ચાર ગુણ, આમ વધારેમાં વધારે બે વખત લાભ મળે.

(૨) એમ.એડ્. થયેલ શિક્ષકને ચાર ગુણ આપવા.

(૩) નીચેના પૈકી કોઈપણ એક અથવા વધારે શૈક્ષણિક કાર્યક્રમમાં સફળતાપૂર્વક ભાગ લીધો હોય તો બે ગુણ આપવા :

(૧) રાજ્ય કે રાષ્ટ્રીયકક્ષાએ સેમિનાર રીડિંગકાર્ય.
(૨) શૈક્ષણિક સામયિકોમાં શિક્ષણના લેખો આપી પોતાનું આગવું મંતવ્ય રજૂ કર્યું હોય.
(૩) શિક્ષણને લગતાં પુસ્તકો પ્રગટ કર્યાં હોય.
(૪) ઉત્તમ શિક્ષક તરીકે રાજયકક્ષાએ કે રાષ્ટ્રીયકક્ષાએ એવોર્ડ મેળવ્યો હોય.

ઉપર મુજબ મૂલ્યાંકનકાર્ય કર્યા પછી સુપરવાઇઝરની નિમણૂક શાળાએ જિલ્લા-શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી લઈને નિયમાનુસાર કરવી.

વધુમાં જણાવવાનું કે છટણી અંગેનો નિયમ બોર્ડના પરિપત્રાક્રમાંક : બ-૧ મા.શિ.બો. સીનિયોરિટી-૮૦૩-૮૪, તા. ૪-૮-'૭૬ના માત્ર માર્ગદર્શન તરીકે મોકલી આપેલ છે, જેને સરકારશ્રી તરફથી મંજૂરી મળ્યા બાદ આપને જાણ કરવામાં આવશે.

તા. ૪-૧-'૭૬નો પત્રાક્રમાંક (બ)૩ સીનિયોરિટી ૧૬૮૬૨/૭૯ના પત્રાથી મોકલેલ ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ નોંધણી બિનસરકારી માધ્યમિક શાળાઓમાં કર્મચારીઓની સીનિયોરિટી નક્કી કરવા અંગેના નિયમો હવે રદ થાય છે અને ઉપરોક્ત ગુણાંકન પ્રમાણે સુપરવાઇઝરના નિયમો હવે અમલી બને છે તેની સ્પષ્ટ નોંધ લેવા અને આ બાબતની જાણ જિલ્લાની તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓને કરવા વિનંતી છે.

સહી, અ. જ. શુક્લ

સચિવ, ગુ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

*નોંધ: બોર્ડની સામાન્ય સભાના તા. ૧૩/૧૪-૮-'૭૬થી નક્કી કરેલ ગુણાંકનપદ્ધતિ અને તેના વખતોવખત થયેલ સુધારા સીએઆર ભાગ-2ના પૃષ્ઠ નં. 371 થી 378 પર છાપેલ છે.*

***